**નવી સેવા ૨૦૧૫–૧૬**
સરદાર સરવોર ડેમ તથા નર્મદા કેનાલની સુરક્ષા માટે ઉભી કરવામાં આવેલ એસ.આર.પી.એફ.ની નર્મદા બટાલીયન માટે વધુ ૮૧ જગ્યા મંજુર કરવા બાબત.(આયોજન)

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૪/૪૨૪૦/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૨/૫/૨૦૧૫

**વંચાણમાં લીધા :–**

૧ ગૃહ વિભાગનો તા.૨૬/૭/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૦૯/૩૮૭૦/સ

૨ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૧૫/૧૧/૧૪ નો પત્ર ક્રમાંક : ઈ.૨/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫–૧૬/૨૪૨૬/૧૪

૩ અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો), ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૧૦/૧૧/૧૪ નો પત્ર ક્રમાંક : ક.૨//વહટ/નર્મદા બટાલીયન/નવી સેવા/૩૫૨૯/૧૪

૪ વર્ષ ૨૦૧૫–૧૬ નું અંદાજપત્ર પ્રકાશન નં.૧૨ પાના નં.૧૭૬

**ઠ રા વ :–**

સરદાર સરોવર ડેમની સુરક્ષા માટે સને ૨૦૧૦–૧૧ અંદાજપત્રમાં સરદાર સરોવર કેવડીયા કોલોની ખાતે એસ.આર.પી. ગૃપ–૧૮, નર્મદા બટાલીયન ઉભી કરવા માટે કુલ–૧૧૨૦ જગ્યાઓની જોગવાઈ કરવામાં આવેલ તેની સામે વંચાણે લીધા ક્રમ(૧)ના ગૃહ વિભાગના તા.૨૬/૭/૨૦૧૦ ના ઠરાવથી એસ.આર.પી. ગૃપ–૧૮, સરદાર સરોવર કેવડીયા કોલોની નર્મદા બટાલીયનની કુલ–૧૧૧૯ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ જેમાં વર્ગ–૩ની સુથાર સંવર્ગની ૧ જગ્યા મંજુર કરવાનું બાકીમાં હતું. સબબ તે જગ્યા નવી મંજુર કરવા ઉપરાંત આ નવા જુથમાં ફોલોઅર્સ (વર્ગ–૪)ની ૮૦ જગ્યાઓ સમાવિષ્ટ થયેલ ન હોવાથી ૨૦૧૫–૧૬ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે તેનો સમાવેશ કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમ(૨)ના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૧૫/૧૧/૨૦૧૪ ના પત્રથી સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ.

૨. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગરની ઉકત દરખાસ્ત અન્વયે આ બાબત વર્ષ ૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં પ્લાન હેઠળની નવી સેવા તરીકે સમાવેશ કરવામાં આવેલ છે અને આ માટે રૂા.૧૭.૨૭ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૩.    ઉક્ત અંદાજપત્રિય જોગવાઈને વહિવટી મંજુરી આપવા માટે નાણા વિભાગને દરખાસ્ત રજુ કરવામાં આવતા નાણા વિભાગ વ્વારા આપવામાં આવેલ મંજુરી અન્વયે રૂા.૧૭.૨૭ લાખ ખર્ચ માટેની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે અને નીચે દર્શાવ્યા મુજબની વિવિધ સંવર્ગની કુલ–૮૧ હંગામી નવી જગ્યાઓ ઉભી કરી તા.૨૯/૨/૨૦૧૬ સુધી ચાલુ રાખવાની તથા ભરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ | ગ્રેડ પે |
|---|---|---|---|---|
| ૧ | સુથાર (વર્ગ–૩) | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૨૪૦૦ |
| ૨ | દરજી (અનુયાયી, વર્ગ–૪) | ૨ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૩ | મોચી (અનુયાયી, વર્ગ–૪) | ૩ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૪ | કુક (અનુયાયી, વર્ગ–૪) | ૨૪ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૫ | મેસ સર્વન્ટ(અનુયાયી, વર્ગ–૪) | ૧૪ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૬ | સફાઈ કામદાર (અનુયાયી, વર્ગ–૪) | ૧૭ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૭ | વાળંદ (વર્ગ–૪) | ૭ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૮ | ધોબી (વર્ગ–૪) | ૭ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૯ | પટાવાળા (વર્ગ–૪) | ૪ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૦ | પાણી વાળા (વર્ગ–૪) | ૧ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૧ | કહાર (વર્ગ–૪) | ૧ | ૪૪૪૦–૭૪૪૦ (ફીક્સ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| | કુલ : | ૮૧ | | |

ઉકત મંજુરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મયાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સુથાર (વર્ગ–૩) ની જગ્યા ભરતી નિયોમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર–ધોરણો આર.ઓ.પી.–૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી કચેરીની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) અનુયાયી વર્ગ–૪ની જગ્યાઓને આઉટસોર્સીંગની નીતિમાંથી મુકિત આપવામાં આવેલ છે જે ધ્યાને લઈ આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજય સરકાર ધ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૪. આ બાબતનો ખર્ચ પ્લાન બજેટ સદર " માંગણી ક્રમાંક–૪૩–પોલીસ, મુખ્ય સદર : ૨૦૫૫ – જિલ્લા પોલીસ, પેટા મુખ્ય સદર – ૦૦ ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ, પેટા સદર : (૨) –રાજય અનામત પોલીસ દળ, ખર્ચનો પ્રકાર : આયોજન/મતપાત્ર, ખર્ચનું હેડ ચાર્જેબલ : ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૨ ૨, સ્કીમ કોડ : MEP-7, પ્લાન કોડ : ૧૧૪૫૦૬" હેઠળ ઉધારવાનો રહેશે અને ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર પાસેથી એડવાન્સમાં નાણા વસુલ કરવાના રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ની તા.૧૫/૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.બી. ગોસાઈ )
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સવર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા. ક. મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સવર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક.મંત્રીશ્રી, પાણી પુરવઠા જળ સંપત્તિના અંગત સચિવશ્રી, સવર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- મેનેજીગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ હાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત રાજય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ),ગુજરાત રાજય ,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો),ગુજરાત રાજય ,ગાંધીનગર
- નાણા વિભાગ/ઝ.૧–શાખા,સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, નર્મદા
- સેકશન અધિકારીશ્રી, વિશેષ–૫, અ, બ, વ અને બજેટ–શાખા, ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર
- ફા.નં. મહક/૧૦૨૦૦૯/૩૮૭૦/સ માં રાખવા સારૂ
- શાખા સીલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.
- વર્ષ ૨૦૧૫–૧૬ ની નવી બાબતની સિલેકટ ફાઈલમાં રાખવા સારૂ.